હારે વહાલા અરજી અમારી સુણો શ્રી પાર્શ્વજી
લઇ જજે તારાં ધામમાં
હારે વહાલા અરજી અમારી સુણો શ્રી પાર્શ્વજી
લઇ જજે તારાં ધામમાં

હારે મારાં અંત સમયનાં બેલી
હારે હવે મેલો નહિ હડસેલી
હારે હું તો આવી ઉભો તમ દ્વારે શ્રી પાર્શ્વજી
લઇ જજે તારાં ધામમાં ...

હારે નાથ કરુણા તણાં છો સિંધુ
હારે હું તો યાચું છું એક જ બિંદુ
હારે એક બિંદુમાં નહિ થાય ઓછું શ્રી પાર્શ્વજી
લઇ જજે તારાં ધામમાં ...

હારે પ્રભુ ગુણ સમુહથી ભરીયો
હારે હું તો અવગુણનો છું દરિયો
હારે મારાં પાપોને દેજો વાળી શ્રી પાર્શ્વજી
લઇ જજે તારાં ધામમાં ...

હારે તને સમજુ ને શું સમજાઉં ?
હારે કે'તો અંતર ખોલીને બતાવું
હારે તારાં બાળક ને એક જ આશ શ્રી પાર્શ્વજી
લઇ જજે તારાં ધામમાં ...